# સોશીયલ મીડિયા પર એક્ટીવ યુવાનો સોશીયલી ડિસકનેક્ટ થઈ રહ્યા છે

**આંતરમનના આવેગો, હતાશા ખાળવા માટે સંબંધો અને શોખરૂપી પાળા બાંધવા પડે, શબ્દોની આપ-લેને વધુ જીવંત બનાવવી પડે એ આપણે આપણા યુવાન વયના સંતાનોને શીખવવુ જ પડશે**

"હમ ન સમજે થે, બાત ઈતની સી... ખ્વાબ શીશે કે, દુનિયા પત્થર કી..." ફાટ ફાટ થતી યુવાનીના વર્ષોમાં જ અલગ અલગ કારણોસર હતાશા ભોગવી રહેલા યુવાનો માટે આ ગીત એન્થમ જેવુ બની રહ્યુ છે. સંવેદનાઓ વર્ણવવા ગાંધીનગરમાં છેલ્લા કેટલાક અસરગ્રસ્ત છે. સોશીયલ મીડિયા પર સક્રિય રહેતા આ યુવાનો સોશીયલી ડીસકનેક્ટ થઈ રહ્યા છે. અનેક આપત્તિઓનો સામનો કરી રહેલા યુવાનોને એ ખબર જ નથી કે આનંદ ક્યાંથી અને કેવી રીતે મેળવાય... સંબંધોની સરવાણી સુકવી ચૂકેલા આ

## ટાઈમ પ્લીઝ

સમયથી અનેક યુવાનોએ કેનાલમાં ઝંપલાવી આપઘાતનો માર્ગ અપનાવ્યો ત્યારે ફરી એકવાર સાબિત થયુ કે માત્ર પૈસા અને સંપતિથી સુખ પ્રાપ્ત થતુ નથી. સુખ મેળવવા માટે પૈસા ઉપરાંત ઘણુ બધુ જોઈએ છે. જેનાથી ભારતના યુવાનો વંચિત બની રહ્યા છે. યુએનના હેપ્પીનેસ ઈન્ડેક્સમાં ભારતનું સ્થાન સાવ તળીયે છે. એટલે કે પાડોશી દેશો પાકિસ્તાન, ભૂતાન, નેપાળ, બાંગ્લાદેશ અને શ્રીલંકા કરતાં પણ નીચુ... આ બધા જ દેશો કરતા ભારતનું સ્થાન નીચુ છેક ૧૩૩માં ક્રમે છે. વળી ચિંતાની વાત તો એ છે કે દિવસે દિવસે આ ક્રમ નીચો જતો જાય છે. બેકારી, મોંઘવારી, સ્પર્ધા, સામાજિક બંધનો, કુરીવાજો, સ્વાસ્થ્ય જેવા અનેક અનેક કારણોસર હેપ્પીનેસ ઈન્ડેક્સમાં ભારતનો ક્રમ નીચો જઈ રહ્યો છે. ભારતના તમામ વર્ગ, વર્ણ, વયજૂથના લોકો આ સમસ્યાઓથી પિડાઈ રહ્યા છે. યુવાનો તેનાથી સૌથી વધુ વયજુથના લોકો સંબંધો સોધવા સોશીયલ મીડિયાની આભાસી દુનિયામાં દિવસ રાત લટાર મારતા રહે છે. પુસ્તકો, લેખ, ગીત-સંગીત અને રંગમંચ જેવા માધ્યમો જીવવાનો નવો જુસ્સો આપે છે અને જીવનને જીવવા જેવુ બનાવે છે તે આ યુવાનો સમજી નથી શક્યાં એ ક્યાંકને ક્યાંક આપણી કમનસીબી છે.

આંતરમનના આવેગો, હતાશા ખાળવા માટે સંબંધો અને શોખરૂપી પાળા બાંધવા પડે, શબ્દોની આપ-લેને વધુ જીવંત બનાવવી પડે એ આપણે આપણા યુવાન વયના સંતાનોને શીખવવુ જ પડશે. સંબંધોની તાણાવાણા અને તેની જાળવણી કેવી રીતે કરવી તેનુ જ્ઞાન નાનપણથી જ અપાવવુ જોઈએ. સમસ્યાઓનો સામનો કરવા સજ્જ બનાવવા જેટલી સજ્જતા જો આપણે કેળવી લીશુ તો જ યુવાવયના સંતાનોને હતાશાની કાળી ઘેરી ખાઈમાંથી આપણે તેમને પાછા વાળી શકીશુ.



નંદ ઘેર આનંદ ભયો - જન્માષ્ટમી પર્વના આગમનના પગલે જનજીવનમાં ઉત્સાહનો સંચાર થાય છે... શહેરના માર્ગો પર કનૈયાની મૂર્તિઓ બનાવનાર કારીગરો પણ ઠેર ઠેર ગોઠવાયા છે... ભારતીય સંસ્કૃતિમાં ભગવાન શ્રીકૃષ્ણનો મહિમા અપરંપાર છે... જન્માષ્ટમી પર્વ માત્ર ધાર્મિક કે આધ્યાત્મિક ન રહેતા લોકોત્સવ બની રહ્યું છે... અબાલવૃદ્ધ સૌ ભગવાનના શ્રીકૃષ્ણના જન્મોત્સવને વધાવવા ઉત્સુક છે...

# હજુ શહેરના ૫૦૦ સરકારી આવાસોમાં બિનઅધિકૃત કબજો

**નિવૃતિ, બદલી અને અવસાનના કીસ્સામાં નોટીસના અંતે પણ મકાનો ખાલી થયા નથી : આવાસ ઇચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદીને પણ ન્યાય મળતો નથી**

ગાંધીનગર તા ૨૨

શહેરમાં સરકારી આવાસો પૈકી મોટાભાગના કંગાળ અને જોખમી હાલતમાં હોવાથી રહેણાંકને લાયક નથી. બીજીતરફ સેકટરોમાં વિવિધ કેટેગરીના ૫૦૦ જેટલા આવાસોમાં બિન અધિકૃત કબજો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. બદલી, નિવૃતિ તેમજ અવસાનના કીસ્સામાં કર્મચારીઓએ મકાન ખાલી ન કરતા આવા આવાસોમાં બિન અધિકૃત કબજેદારોનુ અસ્તિત્વ છે. જેના લીધે વિભાગના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદીને ન્યાય મળતો નથી. કર્મચારીઓને આવાસ ફાળવવાનુ કામ મુશ્કેલ બન્યુ છે.

ગાંધીનગર શહેરમાં મોટાભાગના સરકારી આવાસો જોખમી હાલતમાં છે. કંગાળ સરકારી આવાસો રહેણાંકને લાયક ન હોવાથી તબક્કાવાર જુદી જુદી કેટેગરીના મકાનો તોડવા માટે તંત્ર દ્વારા મંજુરીના અંતે કામગીરી હાથ ધરવામાં આવે છે. શહેરમાં એક દાયકા પુર્વે નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ સેકટરોમાં પણ ભયજનક મકાનો અંગે સર્વે હાથ ધરાયો હતો. જયારે આ અન્વયે વિવિધ કેટેગરીના જોખમી મકાનો પણ તોડવામાં આવી રહ્યા છે. અત્યાર સુધી ઘણાંખરા મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. જયારે હાલ આવાસો તોડવાની કામગીરી પણ ચાલી રહી છે. જુના અને કંગાળ આવાસો તોડીને નવા મકાનો બાંધવા માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. સે-૭, સે-૨૯ અને સે-૩૦ માં નવી ટાવર કોલોનીનુ નિર્માણ કરાયુ છે. જયારે સે-૬ માં પણ હાલ નવા આવાસો બાંધવા માટે કામગીરી ચાલી રહી છે. આગામી દિવસોમાં હજુ પણ જગ્યા ખુલ્લી કરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી રહી છે. જેના અંતે નવા સરકારી મકાનો બાંધવા માટે પણ સ્થળ પસંદગી પણ કરવામાં આવશે. જયારે હાલ તંત્રના ચોપડે સરકારી આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. માર્ગ મકાન વિભાગ પાસે ફાળવવા લાયક આવાસો જ નથી. શહેરમાં ભયજનક અને જોખમી આવાસોની સંખ્યા વધતી જાય છે. જયારે સરકારી આવાસોમાં બિનઅધિકૃત કબજો હોવાની ફરિયાદો પણ વ્યાપક બની છે.

શહેરમાં વિવિધ સેકટરોમાં જુદી જુદી કેટેગરીના સરકારી આવાસોમાં બિન અધિકૃત કબજો હોવાથી મકાન માટે પ્રતિક્ષા યાદીમાં સમાવિષ્ટ કર્મચારીઓને પણ આવાસ ફાળવવાનુ વધુ મુશ્કેલ બન્યુ છે. શહેરમાં અંદાજિત ૫૦૦ જેટલા મકાનોમાં બિન અધિકૃત કબજો હોવાનુ ધ્યાને આવ્યુ છે. કર્મચારીઓની નિવૃતિ, અવસાન તેમજ બદલીના અંતે પણ આવા આવાસો હજુ ખાલી થયા નથી તંત્ર દ્વારા આ મામલે નોટીસ પણ આપવામાં આવી છે. છતા બિન અધિકૃત કબજેદારોના પેટનુ પાણી હલતુ નથી. આ સ્થિતિ વચ્ચે મકાન ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદીને પણ ન્યાય મળતો નથી.

# રેલવે સ્ટેશન રિ-ડવેલપમેન્ટ કંપનીના મેને. ડિરેક્ટર તરીકે એસ.એસ. રાઠોર નિમાયા

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત સરકારે ગાંધીનગર રેલવે સ્ટેશનના રિ-ડેવલપમેન્ટ માટે રચેલ "ગરૂડ" કંપનીનું પુનઃ ગઠન કર્યુ છે.

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં રેલવે સ્ટેશનના રિ-ડેવલપમેન્ટ યોજના અંતર્ગત એર સ્પેસ હોટેલ મહાત્મા મંદિરના સંચાલન તેમજ હેલીપેડ અને એક્ઝીબીશન સેન્ટરના સંચાલનને લઈ આ કંપનીની રચના રેલવે સાથે મળીને કરી હતી.



રાજ્ય સરકારના ઉદ્યોગ વિભાગે આજે આ પુનઃ ગઠનના નિર્ણયના આદેશો જારી કર્યા છે. તેમાં કંપનીના મેને. ડિરેક્ટર તરીકે મેટ્રોરેલ પ્રોજેકટના મેનેજીંગ ડિરેક્ટર એસ.એસ. રાઠોડને નિયુક્ત કર્યા છે. આ ઉપરાંત કંપનીના ડાયરેક્ટર તરીકે જયપ્રકાશ શિવહરેની તેમજ અશ્વિનીકુમાર જે સી.ઈ.ઓ. જી.આઈ.ડી.બી. છે તેમની નિમણુંક પણ ડાયરેક્ટર તરીકે કરી છે.

આ કંપનીના ઓ.એસ.ડી. તરીકે ફરજો બજવતા શ્રી ખાન (રેલવે)ના જે અધિકારી હતા તેમની નિમણુંક રદ કરવામાં આવી છે.

એર સ્પેસ હોટેલનો પ્રોજેક્ટ વિલંબમાં પડતાં તેના ખર્ચમાં પણ ૧૦૦ ટકાથી વધુનો વધારો થવા પામેલ છે. આ પછી રાજ્ય સરકારે આ બાબતે ગંભીરતાથી વિચારણા હાથ ધરી હતી.

સરકારના ઉદ્યોગ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ પ્રોજેક્ટને લઈ રાજ્યના મુખ્યમંત્રી રૂપાણીએ બે વખત તેમજ કેન્દ્રીય રેલ મંત્રી પિયુષ ગોયલે પણ એક વખત મુલાકાત લીધી હતી.

કંપનીના નવા મેને. ડિરેક્ટર તરીકે નિયુક્ત થયેલા એસ.એસ. રાઠોર રાજ્ય સરકારના માર્ગ-મકાન વિભાગના સચિવ પણ રહી ચુક્યા છે. તાજેતરમાં ભારત સરકારે સેવાક્ષેત્રએ તેમના નોંધપાત્ર પ્રદાનને ધ્યાને રાખી પદ્મશ્રીનો એવોર્ડ પણ એનાયત કર્યો હતો જે નોંધનીય છે.

# સ્થાયી સમિતિની આજની બેઠકમાં ફરીવાર પેવર બ્લોકના ટેન્ડરને મંજૂરી અપાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની એક મહત્વની બેઠક શુક્રવારે સવારે ૧૧ વાગે ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાની અધ્યક્ષતામાં મળશે.

સ્થાયી સમિતિના સભાખંડમાં મળનારી આ બેઠકમાં વિવિધ સેક્ટરોમાં પેવર બ્લોક લગાવવાના ટેન્ડરનો મંજૂરી આપવામાં આવશે. અંદાજે રૂ. એક કરોડના આ ટેન્ડરમાં આ વખતે પણ ૩૮.૪૧ ટકા ભાવ નીચા ભરાઈને આવ્યા છે.

આ ઉપરાંત કાઉન્સીલરોના નિયત બજેટમાંથી સંબંધિત વિસ્તારમાં લોકોપયોગી સ્થાનિક નાગરિકોને પાયાની સુવિધાઓમાં નવા કામો સમાવેશ કરવા અંગે પણ ચર્ચા વિચારણા કરી અને તેને બહાલી આપવામાં આવશે.

મનપાની તાજેતરમાં મળેલ સામાન્ય સભામાં સભ્યોને સમયસર સૂચવેલ ઉત્પાદનો નહિ મળતા હોવાની ઉઠેલી ફરિયાદ પછી હવે તંત્રએ આ નીતિમાં ફેરફાર કરવા માટે મન બનાવ્યુ હતુ અને તેઈ જ કમિશ્નરશ્રીએ તાબડતોબ આ અંગેની દરખાસ્ત

● અનુસંધાન પાન-૭ પર

# આજે ગાંધીનગરમાં પેન્શન અદાલત

ગાંધીનગર, તા. ૨૨

આજે ગાંધીનગરની કોમર્સ કોલેજના ઓડિટોરિયમ ખાતે બપોરે ૧ થી ૫ દરમ્યાન ખાસ ઝોનમાં વહેંચી પેનશન અદાલત દ્વારા ઝડપી નિરાકરણ લાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગાંધીનગર કોમર્સ કોલેજના

**ભારત સરકારની કડક સૂચના બાદ હરકતમાં આવેલા તંત્રએ પેન્શન રીવીઝનના કેસોનો નિકાલ પણ ઝડપી કરવા તાકીદ કરી : જિલ્લાના ૧૩૧ કેસો અટવાયેલા છે**

પેન્શન અદાલત યોજવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા પેન્શન રીવીઝન, કામચલાઉ પેન્શન, કુટુંબ પેન્શન જેવા પેન્શનરોના પડતર પ્રશ્નો અને રજુઆતોનો ઉકેલ લાવવા માટે રાજ્યને ચાર ઓડિટોરિયમમાં અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, ખેડા, આણંદ, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ અને સાબરકાંઠા જિલ્લાના પેન્શનરો તેમના પ્રશ્નોની રજુઆત કરી શકશે.

રાજ્ય સરકારે કરેલા પેન્શન અદાલતના આયોજનની વાત આજે શહેરમાં પ્રસરતાં જ પેન્શનરોમાં આનંદનું મોજુ ફરી વળ્યુ હતુ. શહેરમાં ૧૨ હજારથી પણ વધુ પેન્શનરો હાલ વસી રહ્યા છે અને તેમના પ્રશ્નો અંગે તેઓ વારંવાર રજુઆતો કરતા રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે નાણાં વિભાગના તા. ૩૧-૭-૧૭ના ઠરાવ ક્રમાંક પશન/૧૦૨૦૦૯/૪૮૭/પી થી તા. ૧-૧-૧૬ પહેલા નિવૃત્ત થયેલા કર્મચારીઓનું કામચલાઉ પેન્શન સાતમા પગાર પંચ મુજબ રિવીઝન કરવાની સૂચનાઓ આપવામાં આવેલ છે. તે ધ્યાને લઈ પેન્શન રીવીઝનના કેસોનો પણ આ અદાલતમાં નિકાલ કરવાનો રહેશે.

આ માટે ખાસ કરીને પંચાયત વિભાગમાં આવા પડતર કેસોની સંખ્યા વધુ જણાઈ હોવાથી વિકાસ કમિશ્નરશ્રીની કચેરી તેમજ જિલ્લાની પંચાયત કચેરીઓના અધિકારીઓને જરૂરી કાગળો સાથે હાજર રહેવા ખાસ તાકીદ કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આવા વધતા જતા કેસોના ભારણને લઈ ભારત સરકારે પણ કડક વલણ અખત્યાર કર્યુ છે. આવા કેસોના નિકાલ માટે ખાસ સૂચનાઓ પણ આપવામાં આવી હોવાનું નાણાં વિભાગના સૂત્રોએ આડકતરૂ સ્વીકાર્યુ છે.

બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લા પંચાયતમાં જ આવા કેસોની સંખ્યા ૧૩૧ જેટલી છે. નાયબ સચિવ પેન્શન અને તિજોરીના અધ્યક્ષ સ્થાને આ પેન્શન અદાલતના આયોજન અને કેસોની સંખ્યા અંગે આજે એક ખાસ બેઠક પણ યોજવામાં આવી હતી. આવા કેસોના ઝડપી નિકાલ માટે આ બેઠકમાં કડક તાકીદ કરવામાં આવી છે એટલુ જ નહિ આ માટે જરૂરી જણાયે શિસ્ત વિષયક પગલાં પણ લેવામાં આવશે તેવી ચીમકી આપવામાં આવી હતી.

# શહેરમાં માટી પોલાણની સમસ્યાને ડામવા માટે સીટી ઈજનેરને પત્ર

**સિગ્નલ, કેમેરા, સ્ટોર્મ વોટર લાઇનના ખોદકામના લીધે રસ્તાના સાઇડ સોલ્ડર અને ફુટપાથમાં ભંગાણ નિવારવા પાટનગર યોજના ભવને પત્ર લખ્યો**

ગાંધીનગર તા ૨૨

શહેરમાં સી સી ટી વી કેમેરા તેમજ ટ્રાફિક સિગ્નલ અને સ્ટોર્મ વોટર લાઈનની કામગીરીને અનુલક્ષી હાથ ધરાયેલી ખોદકામગીરીના અંતે યોગ્ય માટી પુરાણ ન થવાથી માટી પોલાણના લીધે રસ્તાના સાઈડ સોલ્ડર તેમજ ફુટપાથ બેસી ગઈ હાવાનુ ધ્યાને આવ્યુ છે. આ સ્થિતિને નિવારવા માટે ત્વરિત સમારકામની કામગીરી હાથ ધરવા માટે પાટનગર યોજના ભવનના કાર્યપાલક ઈજનેરે કોર્પોરેશનના સીટી ઈજનેરને પત્ર લખ્યો છે.

ગાંધીનગર શહેરમાં વિવિધ જગ્યાએ સ્માર્ટ પોલ, સ્માર્ટ ટ્રાફિક સિસ્ટમ, સી સી ટી વી કેમેરા, સ્ટોર્મ વોટર, ગટર લાઈન સહીતની કામગીરીના અંતે યોગ્ય માટી પુરાણ ન થતા સમસ્યાઓ ઉદભવી છે. શહેરના માર્ગોના સાઈડ સોલ્ડર પણ બેસી ગયા છે. જેના લીધે નગરની ફુટપાથ પણ વરસાદી પાણીની સાથે બેસી જતા નવી સમસ્યા ઉદભવી છે. આ સ્થિતિના લીધે રાહદારીઓ તેમજ વાહનચાલકો માટે પણ જોખમ ઉભુ થયુ છે. શહેરમાં ઘ અને ચ માર્ગ ઉપરાંત જિલ્લા પંચાયતથી ચ-૫ ના માર્ગ પરની ફુટપાથ પણ બેસી ગઈ છે. સે-૨૬ કીસાનનગર સોસાયટીમાં પણ ફુટપાથ બેસી ગઈ હોવાનુ અગાઉ ધ્યાને આવ્યુ હતુ. આ સ્થિતિને ધ્યાને લઈ ત્વરિત યોગ્ય સમારકામ હાથ ધરવા માટે પાટનગર યોજના ભવનના નાયબ કાર્યપાલક ઈજનેરે મહાનગરપાલિકાના સીટી ઈજનેરને પત્ર લખી જાણ કરી છે.

# દહિયાના કેસમાં ગુજરાત પોલીસ તપાસ નહીં કરી શકે : હાઈકોર્ટ

**દિલ્હીમાં મામલે તપાસ બાકી હોવાથી ગુજરાત પોલીસને આ મામલે તપાસ નહીં કરવા ગુજરાત હાઈકોર્ટનો આદેશ**

અમદાવાદ, તા.૨૨

કથિત પ્રેમ સંબંધ પ્રકરણમાં સસ્પેન્ડેડ આઈએએસ ગૌરવ દહિયાને ગુજરાત હાઈકોર્ટે આજે મોટી રાહત આપી હતી. દિલ્હીની મહિલા લીનુસિંહ દ્વારા કરવામાં આવેલી ફરિયાદની ગુજરાત પોલીસ દ્વારા તપાસ કરવામાં આવશે નહીં. દિલ્હીમાં આ મામલે તપાસ બાકી હોવાથી ગુજરાત પોલીસ આ મામલે તપાસ નહીં કરી શકે તેવો નિર્દેશ ગુજરાત હાઈકોર્ટે આજે આપતાં દહિયાને મોટી રાહત મળી છે. ગૌરવ દહિયા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર ગાંધીનગર પોલીસ દહિયાને તપાસ મામલે બોલાવી શકે તેમ હોવાથી દહિયાએ હાઈકોરક્ટ સમક્ષ ગુહાર લગાવી ન્યાય માંગ્યો હતો. જેમાં હાઈકોર્ટે અવલોકન કર્યુ કે, એક જ ફરિયાદ મામલે બે અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં તપાસ કરી શકાય નહીં. હજુ દિલ્હીમાં આ મામલે તપાસ બાકી હોવાથી ગુજરાત પોલીસ આ મામલે તપાસ નહીં કરે. ઉલ્લેખનીય છે કે, ગાંધીનગરના સેકટર-૭ પોલીસે ગૌરવ દહિયાને હાજર થવા ચાર-ચાર નોટિસ આપ્યા બાદ દહિયાએ ગાંધીનગર પોલીસને જવાબ આપી પોલીસ દ્વારા એક જ કેસની બે અલગ અલગ જગ્યા દિલ્હી અને ગાંધીનગર પોલીસ દ્વારા ચાલી રહેલી તપાસ સામે વાંધો લીધો હતો. ગૌરવ દહિયાએ આ મામલે હાઈકોર્ટમાં અરજી કરી માર્ગદર્શન માગ્યું હતું. દહિયાએ એવો મુદ્દો પણ ઉઠાવ્યો હતો કે, એક જ મુદ્દાની અલગ અલગ ફરિયાદ અને જુદા જુદા પોલીસ મથક દ્વારા તપાસ થઈ શકે નહી. આમ કરવાથી અરજદારના મૂળભૂત અને બંધારણીય અધિકારોનો પણ ભંગ થાય છે.


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com